# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-12-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## UNJA APMC ELECTION

જીરા માટે વિશ્વનાં સૌથી મોટાં જથ્થાબંધ બજાર ઉંઝાની કૃષિ ઉત્પન્ન બજાર સમિતી-APMCની ચૂંટણી હાલ ચાલી રહી છે. ખેડૂત વિભાગમાં 10 બેઠક માટે 20 ઉમેદવાર મેદાનમાં છે અને 261 મતદારો છે. વેપારી વિભાગની ચાર બેઠક માટે 16 ઉમેદવાર અને 805 મતદારો છે. હાલ શાંતિપૂર્વક મતદાન ચાલી રહ્યું છે.

ચૂંટણી અંગે ઊંઝાના ધારાસભ્ય કિરીટ પટેલે વધુ માહિતી આપીઃ

(BYTE- KIRIT PATEL, UNJHA ELECTION)

--------------

## POST OFFICE - Dak And Pension Adalat

ટપાલ વિભાગના પેન્શનધારકોની ફરિયાદોનાં નિરાકરણ માટે 24 ડિસેમ્બરનાં રોજ સાંજે ચાર વાગે નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ, અમદાવાદ ખાતે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં પોસ્ટ ઓફિસના  સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ દરેક ફરિયાદને વ્યક્તિગત રીતે સાંભળશે, અને તેનો ઉકેલ લાવશે. 19 ડિસેમ્બર સુધીની ફરિયાદો ધ્યાનમાં લેવામાં આવશે.

વધુમાં, ટપાલ વિભાગે પેન્શનધારકો ડિજિટલ જીવન પ્રમાણ રજૂ કરી શકે તે માટે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કના સંકલનમાં લોકોના ઘર આંગણે ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ સર્વિસ શરૂ કરી છે.

દરમિયાન, ટપાલ વિભાગની ફરિયાદોનાં નિરાકરણ માટે અમદાવાદમાં જનરલ પોસ્ટ ઓફિસ ખાતે ચીફ પોસ્ટમાસ્ટરની ચેમ્બરમાં 27 ડિસેમ્બરનાં રોજ ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

------------------------

## Panchmahal Food and Drugs Sample

શાકભાજી અને ફળોને વહેલા પકવવા રસાયણયુક્ત ખાતરનો ઉપયોગ કરવામાં આવતો હોય છે, જેને કારણે લોકોનાં આરોગ્ય પર અસર પડે છે.

પંચમહાલ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પ્રથમવાર પંચમહાલ જિલ્લામાંથી શાકભાજી અને ફળોની દુકાનો તેમજ લારીઓ પરથી 264 નમૂના લેવામાં આવ્યા. આ તમામ નમૂનાઓનું પરીક્ષણ કરવા અમદાવાદ ખાતે લેબોરેટરીમાં  મોકલવામાં આવ્યા છે.

આ પરિક્ષણનો અહેવાલ 15 દિવસમાં આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે, તેમ પંચમહાલ જિલ્લા અન્ન  વિભાગના અધિકારીએ જણાવ્યું હતું.

-----------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R.

ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## Tajpura Narayan Sai Hospital- Kanubhai Desai

રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ગઇકાલે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના તાજપુરા ખાતે નારાયણ આઈ હોસ્પિટલ પરિસરમાં શ્રી નારાયણ ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન  ત્રણ કરોડ રૂપિયાથી વધુના સાધનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી દેસાઇ અને ઉપસ્થિત મહાનુભાવોએ ‘એક પેડ માં કે નામ’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરીને પ્રકૃતિના જતન અને સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

શ્રી નારાયણ આઈ હોસ્પિટલ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૧ લાખ ૪૭ હજાર દર્દીઓની ઓપીડી તથા ૬૯ હજાર ૭૮૪ દર્દીઓના આંખના વિવિધ રોગોના ઓપરેશન કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં ડોક્ટર્સના નિવાસ્થાન, સ્ટાફ ક્વાટર્સ તથા દર્દીઓની સુવિધામાં વધારો કરતા શ્રી નારાયણ ભવનનું નિર્માણ ચાલી રહ્યું છે.

-------------

## Chotila Mulubhai Bera meeting

ચોટીલા પ્રાંત કચેરી ખાતે વન અને પર્યાવરણ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાનાં અધ્યક્ષસ્થાને થાનગઢ નગરપાલિકાના વિકાસ કાર્યો અંગે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શ્રી બેરાએ નગરપાલિકામાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ અને વિકાસ કામોની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા.

બેઠકમાં પ્રભારી મંત્રીએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, નાણાપંચ, અમૃત ૨.૦, નલ સે જલ, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત પ્રગતિ હેઠળના કામો, પૂર્ણ કામો અને શરૂ કરવામાં ન આવેલા કામોની સમીક્ષા કરી હતી. વધુમાં તેમણે નગરપાલિકામાં ચાલતા વિવિધ વિકાસ કામોની ચીફ ઓફિસર પાસેથી જાણકારી મેળવી આ વિકાસ કામો ઝડપથી પૂર્ણ થાય તે દિશામાં કામગીરી હાથ ધરવા તાકીદ કરી હતી.

-----------------------------------

## Mehsana - Beti Bachao- Beti Padhao

મહેસાણા જિલ્લા વહીવટી વિભાગ તેમજ આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં જાતિ દરના પ્રમાણમાં સુધારો થાય તે હેતુથી “બેટી બચાવો બેટી પઢાઓ” ના વિષય સાથે પ્રચાર પ્રસાર અર્થે ભવાઈ રેલી યોજાઈ હતી.

અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે વિસનગર તાલુકાના ગોઠવા, રંગાકુઈ, હસનપુર અને કડા જેવા ગામોમાં શિબિર પણ યોજાઈ હતી.

---------------------------------

## Mehsana - Khedut Talim

બાગાયત મહાવિદ્યાલય જગુદણ ખાતે ચાલતી બીજ મસાલા પાકોની વૈજ્ઞાનિક ખેતી, કાપણી અને તે બાદની તજજ્ઞતાઓ વિષય પર વિસનગરના ભૂણાવ ગામ ખાતે ખેડૂત તાલીમવર્ગનું આયોજન કરાયું હતું. જેમાં 110 ખેડુતોએ ભાગ લીધો હતો.

તાલીમ વર્ગમાં ખેડૂતોને બીજ મસાલા પાકોની સુધારેલી ખેત પદ્ધતિઓના ચાવીરૂપ મુદ્દાઓ તેમજ, સંકલિત રોગ જીવાત નિયંત્રણ વિષે માર્ગદર્શન અપાયું હતુ.

--------------

## Ahwa Yog Shibir

આહવાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આજે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન અને યોગસેવક શીશપાલજીના અધ્યક્ષ સ્થાને બે દિવસની 'શિતકાલીન યોગ શિબિર' નું સમાપન થયું હતું.

આ પ્રસંગે શીશપાલજીએ જણાવ્યું હતું કે, યોગને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સતત કાર્યશીલ છે.

રાજ્યભરમાં અત્યાર સુધી દોઢ લાખ જેટલા યોગ ટ્રેનરો તૈયાર કરવામાં આવ્યાં છે અને આગામી સમયમાં ૧૦ લાખ યોગ ટ્રેનરનો તૈયાર કરવાનો લક્ષ્ય છે.

બે દિવસીય શિબિરનો હેતુ લોકોને માનસિક અને શારિરીક સ્વાસ્થ્ય અંગે જાગૃત કરવાનો છે.

--------------